Accredited Grade "A" by NAAC
(3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

એસ.સી.-એસ.ટી.સેલ,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં.:-(૦૨૮૧) ૨૫૭૮૫૦૧ / એક્સટે. નં. ૨૧૨
ઈ-મેઈલ : scstcell@sauuni.ac.in

નં.એસ.સી.-એસ.ટી.સેલ/ ૮૪ /૨૦૨૦ તા. ૬૭ /૦૮/૨૦૨૦

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હીની ગાઇડલાઇન મુજબ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી પ્રવેશ, સ્ટાફ ભરતી, હોસ્ટેલ પ્રવેશ, સ્ટાફ ક્વાટર્સની ફાળવણી વગેરેમાં અનામત પ્રમાણની જોગવાઇના અમલીકરણની સમીક્ષા માટેની એડવાઇઝરી કમિટીની બેઠક માન. કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૨૭/૦૭/૨૦૨૦ ના રોજ સવારે ૧૧:30 કલાકે યુનિવર્સિટી ખાતેના સિન્ડિકેટ હોલમાં મળેલ હતી. આ બેઠકમાં સભ્યશ્રીઓની હાજરી નીચે મુજબ હતી.

| | | | |
|---|---|---|---|
| ૧) | ડો.નીતિન પેથાણી | માન. કુલપતિશ્રી | હાજર |
| ૨) | ડો.વિજય દેશાણી | માન.ઉપકુલપતિશ્રી | હાજર |
| 3) | ડો. જતીન સોની | કુલસચિવશ્રી | હાજર |
| ૪) | ડો. અંજુબેન સોંદરવા | સભ્યશ્રી | હાજર |
| ૫) | પ્રોફે. બી. કે. કલાસવા | સભ્યશ્રી | હાજર |
| ૬) | ડો.વાય.એ. જોગસણ | સભ્યશ્રી | હાજર |
| ૭) | પ્રોફે. યુ. સી. ભોયા | સભ્યશ્રી | ગેરહાજર |
| ૮) | શ્રી જિજ્ઞાબહેન એચ. પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૯) | ડો. આર. જે. યાદવ | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૦) | ડો. આર. સી. ગાંવિત | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૧) | ડો. રમેશ. જી. પરમાર | નાયબ કુલસચિવશ્રી | હાજર |

સદર બેઠકમાં સમીક્ષા બાદ નીચે મુજબના સૂચનોનો અમલ કરવા ભલામણ કરવામાં આવેલ.

**૧ તા.૨૪-૧૧-'૧૬ ની એડવાઇઝરી કમિટી બેઠક ની કાર્યવાહી નોંધ પરત્વે થયેલ કાર્યવાહી.**

૧) એડવાઇઝરી કમિટી ની બેઠક વર્ષ માં ઓછા માં ઓછી બે વાર બોલાવવી. (અમલ - એસ.સી.-એસ.ટી. સેલ)

૨) પીએચ.ડી.પ્રવેશ પરીક્ષા ૨૦૨૦-૨૧ માં અનામતવર્ગના વિદ્યાર્થીઓને ફી માં રાહત આપવી. (અમલ-પી.જી.ટી.આર.વિભાગ )

3) 2 F - 12 B ની યુ.જી.સી. માન્યતા ધરાવતી PG ઇન્સ્ટીટયુટમાં ફરજ બજાવતા પીએચ.ડી. ગાઈડ ના માર્ગદર્શન હેઠળ ના પીએચ.ડી ના વિદ્યાર્થીઓ ને યુ.જી.સી.ફેલો શીપ મળવાપાત્ર થાય છે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજ (UG/PG) કે જે 2 F - 12 B ની યુ.જી.સી. માન્યતા ધરાવતી નથી તેવી કોલેજોમાં ફરજ બજાવતા પીએચ.ડી.ગાઈડ ના માર્ગદર્શન હેઠળના પીએચ.ડી ના વિદ્યાર્થીઓ ને ફેલોશીપ ડોક્યુમેન્ટ્સમાં યુનિવર્સિટી દ્વારા સહી-સિક્કા કરી ડોક્યુમેન્ટ્સ અપલોડ કરી આપવા કે કેમ ? તે બાબત સિન્ડિકેટ સમક્ષ વિચારણા અર્થે મુકવી.(અમલ-પી.જી.ટી.આર,યુ.જી.સી વિભાગ)

૪) 2 F - 12 B ની યુ.જી.સી ની માન્યતા હોય તેવી પી.જી ઇન્સ્ટીટયુટ ના પીએચ.ડી. ગાઈડ હેઠળ માર્ગદર્શન મેળવતા પીએચ.ડી ના વિદ્યાર્થીઓને જ યુ.જી.સી ફેલોશીપના ડોક્યુમેન્ટ્સ માં સહી-સિક્કા યુનિવર્સિટી/સંસ્થા દ્વારા કરી આપવામાં આવશે,તે અંગેની જાણકારી પીએચ.ડી ના વિદ્યાર્થીઓને આપવી.(અમલ પી.જી.ટી.આર વિભાગ)

૫) ડો.આંબેડકર ચેર ની સલાહકાર સમિતિમાં સ્ત્રી પ્રાધ્યાપક ને સભ્ય/આમંત્રિત સભ્ય તરીકે સ્થાન આપવું.

૬) યુ.જી.સી ગાઈડલાઈન -૨૦૦૬ તથા શિક્ષણ વિભાગના તા.૨૪-૧૦-૨૦૧૬ ના પરિપત્ર મુજબ પી.એચ.ડી પ્રવેશ પ્રક્રિયા -DRC માં અનામતવર્ગના પ્રતિનિધિને સ્થાન આપવા જોગવાઈ કરવી.(અમલ - પી.જી.ટી.આર વિભાગ)

૭) પીએચ.ડી. પ્રવેશ પ્રક્રિયામાં જે ભવન/વિષય માં પ્રવેશ પ્રક્રિયામાં માં પ્રતિવર્ષ અનામત પ્રમાણ (અનુ.જાતિ - ૭ % , અનુસુચિત જનજાતિ - ૧૫ % , સા.શૈ.પ.વર્ગ - ૨૭ % ,આ.ન.વર્ગો - ૧૦ %) મુજબ પ્રવેશ પ્રક્રિયા કેટલા વર્ષ સુધી કરવી, તે અંગે શિક્ષણ વિભાગનું માર્ગદર્શન મેળવવું.(અમલ-એસ.સી.-એસ.ટી.સેલ)

૨ **યુનિવર્સિટી માં શૈક્ષણિક,બિન શૈક્ષણિક સ્ટાફ ભરતીમાં અનુસુચિત જાતિ,જન-જાતિની સંખ્યા**

- શૈક્ષણિક, બિન શૈક્ષણિક સ્ટાફ ભરતીમાં અનુ.જાતિ,જનજાતિ ની સંખ્યાનું પ્રમાણ,આપવામાં આવેલ શૈક્ષણિક સ્ટાફની જાહેરાત,આપવામાં આવનાર બિન શૈક્ષણિક સ્ટાફની જાહેરાતની વિગતો પરત્વે સમીક્ષા બાદ સંતોષ વ્યક્ત કરવામાં આવેલ. (અમલ -મહેકમ-અ-બ વિભાગ)

3 **યુનિવર્સિટી નાં વિવિધ ભવનોમાં અનામતવર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા.**

વિવિધ ભવનોમાં અનામત વર્ગના વિદ્યાર્થીઓની સંખ્યા પરત્વે સંતોષ વ્યક્ત કરવામાં આવેલ.

૪ **યુનિવર્સિટી ની વિવિધ હોસ્ટેલોમાં અનામત વર્ગ ના છાત્રોની સંખ્યા.**

વિવિધ હોસ્ટેલોમાં અનામતવર્ગના છાત્રોના પ્રમાણ પરત્વે સંતોષ વ્યક્ત કરવામાં આવેલ.

૫ **યુનિવર્સિટી સ્ટાફ ક્વાટર્સ માં અનામત વર્ગના સ્ટાફ ને ક્વાટર્સ ફાળવણીની સંખ્યા.**

સ્ટાફ કવાટર્સ માં અનામતવર્ગ ના સ્ટાફને ફાળવવામાં આવેલ સ્ટાફ ક્વાટર્સ પરત્વે સંતોષ વ્યક્ત કરવામાં આવેલ.

૬ **અનુસૂચિત જાતિ,જન-જાતિ ના વિદ્યાર્થીઓ,સ્ટાફ ની આવેલ અરજીઓ પરત્વે થયેલ કાર્યવાહી.**

અનુ.જાતિ,જનજાતિ ના વિદ્યાર્થીઓ, સ્ટાફ તરફ થી મળેલ અરજીઓ/ફરીયાદો પરત્વે સમીક્ષા કરવામાં આવેલ,થયેલ કાર્યવાહી પરત્વે સંતોષ વ્યક્ત કરવામાં આવેલ.

અન્ય કોઈ મુદાઓ ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રી ની સંમતી થી બેઠક પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

(મુસદ્દો કુલસચિવશ્રીએ મંજૂર કરેલ છે.)

સહી/-

(ડૉ. જે.એચ.સોની)

કુલસચિવ

પ્રતિ,

સર્વે સભ્યશ્રીઓ,

અનામત પ્રમાણ જોગવાઇઓના અમલીકરણની સમીક્ષા માટેની એડવાઇઝરી કમિટી,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

રાજકોટ.

રવાના કર્યું

નાયબ કુલસચિવ

(એસ.સી.-એસ.ટી. સેલ)

**નકલ સાદર રવાના :**

માન. કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :**

૧) યુનિવર્સિટી સ્થિત તમામ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ
૨) યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાઓ
૩) રેકટરશ્રી, તમામ હોસ્ટેલ્સ
૪) વિવિધ ચેર્સ, સેન્ટર્સ ના વડાઓ
૫) કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઇટ પર મૂકવા વિનંતી)